# મત્લા પંચક-1

(ગઝલનો પ્રથમ શેર 'મત્લા' કહેવાય છે. પ્રત્યેક કવીના પાંચ મત્લા લીધા છે.)

**.1.**

વાદળની જેમ આભમાં ઉંચે ચડી શકે;
કીંતુ ધુમાડો કોઈ દી' ના ઝરમરી શકે.

***

સાલું મન લોભાય તો કહેવાય નહીં,
તારું એ થઈ જાય તો કહેવાય નહીં.

***

શબ્દ કેવળ નથી, ખુમારી છે,
જાત કાગળ ઉપર ઉતારી છે.

***

જે હતી શંકા એ નીવારી  છે,
આંખ પહેલાં નજર સુધારી છે.

***

વૈભવ છે યાદનો, સદા તું આસપાસ છે,
કહેવાનું એ જ કે હજી પણ તું જ ખાસ છે.

આસીફખાન આસીર: 98247 77852

**.2.**

મળ્યું છે ખટકતું કણું વારસાગત,
તરસ, ફાંસ જેવું ઘણું વારસાગત.

***

ધારણાની પાર છું, તું ધારવાનું બંધ કર;
કોઈ પણ રીતે મને આકારવાનું બંધ કર.

***

આખરી ક્ષણ છે દીવાનો ઠાઠ વધતો જાય છે,
'જીવવું છે', 'જીવવું છે'; જાપ વધતો જાય છે.

***

લડું, પડું, રડું,  છતાંય કરગરું ન આજથી;
મજા ન લઈ શકું એ ખેલ આદરું ન આજથી.

***

વળાંક, ઠેસ, કાંકરા અને પ્રવાસની કથા,
નથી વીરામ પામતી પ્રલંબ રાસની કથા.

પારુલ ખખ્ખર:94298 89366

**.3.**

આ જગતના મંચ પરથી એટલું સમજાય છે,
આપણાથી આપણું પણ પાત્ર ક્યાં ભજવાય છે?

***

વાત ત્યાં બદલાવની થાશે નહીં, પાછા વળો;
'શક્યતા'ના દ્વાર પર છે, 'સભ્યતા'ની સાંકળો.

***

એમ કરી એ સંબંધોને કાયમ હુંફાળા રાખે,
હૈયામાં હો પીડા; તો પણ મા હોઠે તાળાં રાખે.

***

લીલોતરી કૈં ખાસ છે, ત્યાંનાં બધાંયે ઝાડની;
ઘરડાઘરે સીંચી હશે, યાદો ઘણી સંતાનની.

***

મખમલ સમા એ સ્પર્શના તારા કમાલથી,
પલળી ગયો હું ભીતરે કોરા ગુલાલથી.

વીપુલ માંગરોલીયા-વેદાંત: 98251 32610

## .4.

તમે પાયાના પથ્થર છો, તમે એ જાણતા ન્હોતા?
દટાવાના જ અંદર છો, તમે એ જાણતા ન્હોતા?

***

કહો ને! ક્યાં સુધી આ જીન્દગી પર કાટ હોવાનો?
કદી એવો દીવસ પણ આવશે, ચળકાટ હોવાનો!

***

દર્દ એ રીતે દીલમાં ઉતારી લીધું;
એય હમદર્દ છે એમ ધારી લીધું!

***

હૃદય લઈને આવ્યા છો, તમને ખબર છે?
આ સંવેદનાઓ વગરનું નગર છે.

***

મેં ઘણી વાર એ વીચાર્યું છે :
કે વીચારીને કોણ ફાવ્યું છે?

હીમલ પંડ્યા: 98790 49553

## .5.

લાગે કે જાણે કોઈ મહેમાન હોય છે,
એવાંય કેટલાંકને સંતાન હોય છે.

***

પ્રેમથી આવી તું બોલી કાનમાં,
ત્યારથી આવ્યો નથી હું ભાનમાં.

***

કોણ પડે ઝઘડાની વચ્ચે?
સત્ય અને સપનાંની વચ્ચે!

***

જીવવું એ પણ ગઝલ છે જીન્દગી,
મોત પ્હેલાની લડત છે જીન્દગી.

***

ખબર હોવા છતાં પુછે છે, 'તબીયત કેમ છે'?
સગાંવ્હાલાં બધાં પુછે છે, 'તબીયત કેમ છે'?

પ્રશાંત સોમાણી: 74051 37001

## .6.

આ જાતમાં થયા છે સુધારા સમય જતાં;
કેડીથી જેમ થાય છે રસ્તા સમય જતાં.

***

વસંતના ને પાનખરના વારનો નીખાર છે,
સમય મુજબ કરેલા ફેરફારનો નીખાર છે.

***

સુર્ય નહીં; દીવો થવા જેવું થયું,
મારી અંદર આયના જેવું થયું.

***

ચંદ્રની સોળે કળાની જેમ બસ,
હું રહું મારા ગજાની જેમ બસ.

***

એની તરફ નહીં; તો ખુદની તરફ વળાશે,
સંભાવના ઘણી છે, પગલું ભર્યું છે ત્યારે.

લક્ષ્મી ડોબરીયા: 96875 19952

## .7.

સુખ શું છે જાણવા, બે ચાર વ્રણ તો જોઈએ;
સાંજ પ્રેમે ગાળવા, એકાદ જણ તો જોઈએ.

***

એવું નથી કે સર્વને આફત નડી નથી;
બસ, એક એવી હું હતી, નજરે ચડી નથી.

***

જાતને કાંતી મજાની જીન્દગી જીવી ગયો,
હું કપાસી ફુલ થઈ મારી રીતે મ્હેંકી ગયો.

***

આપ-લેનો ક્યાં કશે અણસાર છે,
વૃક્ષ સાથે વાટકી વહેવાર છે.

***

છે જીન્દગી તો જીન્દગીને માણવી રહી,
એની બધી દાદાગીરી પડકારવી રહી.

પ્રજ્ઞા વશી: 92283 31151

## .8.

આજ તો વર્ષાય અવસર થઈ ગઈ,
સીમ આખી આયનાઘર થઈ ગઈ!

***

ટેરવાં બેભાન થાતાં જાય છે,
તોય આ લેસન ક્યાં પુરું થાય છે!

***

એક હૉસ્પીટલ અહીં સામે જ છે,
ઝુંપડી તો પણ; હજુ ખાંસે જ છે!

***

થેલીનું કેવું રુપાંતર થાય છે!
ચોપડી ભરવાથી દફતર થાય છે!

***

આખરે એની કૃપા તો થાય  છે,
આપણાથી રાહ ક્યાં જોવાય છે?

રાકેશ હાંસલીયા: 98248 85416

## .9.

સમજણનો સોયદોરો જો આરપાર થાશે,
ફાટેલ જીન્દગીની તો સારવાર થાશે.

***

ક્યારેક દુશ્મની કરે, ક્યારેક મીત્ર છે;
જોને ઋણાનુબંધ, આ કેવા વીચીત્ર છે!

***

થોડીક જી હજુરી છે, થોડો દમામ પણ;
બેગમનો બાદશાહ છું, એનો ગુલામ પણ.

***

મીલાવું હાથ તો એમાં મીલાવટ, હું નથી કરતો;
સંબંધોમાં સમયવર્તી સજાવટ, હું નથી કરતો.

***

વ્યવહારમાં ગૃહસ્થ, છતાં વાનપ્રસ્થ છું;
ભરતી ને ઓટ બેઉમાં, હું તો તટસ્થ છું.

ડૉ. હરીશ ઠક્કર: 98254 94968

## .10.

કવીતાથી જાહોજલાલી નહીં થાય;
પરંતુ ભીતર પાયમાલી નહીં થાય.

***

ઓ સાંકડા હૃદય, તને સૌ ઓળખી જશે;
મા-બાપને જો ગામડાની બસ મળી જશે.

***

જળથી વરાળ થઈ, પછી વાદળ બનાય છે;
માંરામાં શું થયા પછી માણસ થવાય છે?

***

ખુલ્લું હૃદય છે મારું, ભલે પારખાં કરો;
પણ બારણું નથી, કે બધાં આવ-જા કરો!

***

આ બધું કેમ નવું લાગે છે?
કોઈ હૈયામાં ગયું લાગે છે!

ગૌરાંગ ઠાકર: 98257 99847

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉ.મ..

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : પંદરમું - અંક : 445 – February 02, 2020

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

**Download Earlier SeMs :**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

**Have you ever visited : http://www.gujaratilexicon.com ?**

More than 3,74,80,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,55,22,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,12,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,27,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@